

» દક્ષિણ લંડનમાં રહેણાંક શેરીમાં એક વિશાળ 20 ફૂટ પહોળો ભૂવો પડ્યો છે અને તે એક મોટરબાઈકને ગળી ગયો છે. ઇમરજન્સી સેવાઓને ગઈકાલે રાત્રે 9 વાગ્યા પહેલાં બેક્સલીહેથમાં માર્ટેન્સ એવન્યુ પર ઘટનાસ્થળ પર બોલાવવામાં આવી હતી કારણ કે બાઇક સવાર છિદ્રમાં પડતા માંડ માંડ બચ્યો હતો. પોલીસ અને અગ્નિશામકોને રહેણાંક માર્ગ પર જે વિશાળ ભૂવો સર્જાયો હતો ત્યાં ધસી ગયા હતા - જો કે તે અસ્પષ્ટ છે કે તેનું કારણ શું છે. ફોટોગ્રાફ્સ છિદ્રનું કદ દર્શાવે છે - જે રસ્તાની સમગ્ર પહોળાઈમાં ફેલાયેલો છે અને તે 16 ફૂટ કરતાં વધુ ઊંડો હોવાનું કહેવાય છે. પાડોશીઓએ જણાવ્યું હતું કે મોટરબાઈકના સવાર જેમ તેમ બહાર નીકળ્યો હતો.



# મિયામી એરપોર્ટ પર એક વિમાનનું ક્રેશ લેન્ડિંગ

**126** ઉતારૂઓ સાથેના વિમાનમાં આગ લાગી, 3ને ઈજા

વોશિંગ્ટન, તા. 22: 100 કરતા વધુ મુસાફરોને લઈ જતુ એક વિમાને મંગળવારે મિયામી એરપોર્ટ પર ક્રેશ લેન્ડિંગ થયું હતું, નીચે ઉતરતી વખતે તેના લેન્ડિંગ ગિયર ફેલ થતા આ અકસ્માત સર્જાયો હતો.

વિમાન રનવે પર પોતાના પેટ પર લપસતુ ગયુ હતુ અને એક નાની ઈમારત અને કમ્યુનીકેશન ટાવરને તોડતા આગળ જતુ રહ્યુ હતુ ત્યારબાદ તેમાં આગ લાગી હતી.

અકસ્માત બાદ 3 લોકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. વિમાનમાં 126 મુસાફરો અને 11 ક્રુ સભ્યો હતા.

કેન્દ્રીય ઉડ્ડયન વહીવટીતંત્રએ કહ્યુ હતુ કે વિમાનનું લેન્ડિંગ ગિયર ફેલ થયુ હતુ. આ વિમાન રેડ એરનું હતુ જેની સ્થાપના ગયા વર્ષે જ કરાઈ હતી.

સામે આવેલા વીડિયોમાં દેખાય છે કે સિલ્વર રંગના વિમાનના આગળનો ભાગ તૂટી ગયો છે અને તેની ડાબી પાંખમાં લાગેલી આગમાંથી કાળો ધુમાડો ઉપર આકાશમાં જઈ રહ્યો છે. એક અન્ય વીડિયોમાં વિમાન રનવે પર લપસતા અને કમ્યુનિકેશન ટાવર સાથે અથડાતા દેખાય છે.

# શિવસેનાના 56 વર્ષના ઈતિહાસમાં આ ચોથો બળવો

**ત્રણ** બળવા તો બાલ ઠાકરેની નજર સામે થયા, ઉદ્ધવ સામે આ પહેલો બળવો



મુંબઈ, 22 જૂન (પીટીઆઈ) તે સમયના નેતૃત્વ પ્રત્યે અવિશ્વસનીય વફાદારી સાથે પ્રતિબદ્ધ કેડરોનો પક્ષ હોવા છતાં, શિવસેના તેની હરોળમાં બળવા માટે સંવેદનશીલ છે અને તેણે ચાર પ્રસંગોએ અગ્રણી વ્યક્તિઓ દ્વારા બળવો જોયો છે, જેમાંથી ત્રણ બળવા તેના પ્રભાવશાળી સ્થાપક બાલ ઠાકરેની નજર સામે થયા અને હવે, એકનાથ શિંદે આ યાદીમાં જોડાવા માટે નવીનતમ નેતા બન્યા.

શિવસેનાના 56 વર્ષના ઈતિહાસમાં આ ચોથો બળવો છે. અને ઉદ્ધવ સામે પહેલવહેલો છે.

## પહેલો બળવો: 1991- છગન ભુજબલ

સેનાને 1991માં પહેલો મોટો આંચકો લાગ્યો હતો જ્યારે પાર્ટીના OBC ચહેરા છગન ભુજબળ કે જેમને મહારાષ્ટ્રના ગ્રામીણ ભાગોમાં સંગઠનનો આધાર વિસ્તારવાનો શ્રેય પણ આપવામાં આવ્યો હતો, તેમણે પાર્ટી છોડવાનો નિર્ણય લીધો હતો. ભુજબળે પાર્ટી છોડવાનું કારણ પાર્ટી નેતૃત્વ તરફથી “જોઈતી પ્રશંસા ન મળવાને”ને ટાંક્યું હતું.ભુજબળે મહારાષ્ટ્રના ભાગોમાં મોટી સંખ્યામાં બેઠકો જીતવામાં સેનાને મદદ કરી હોવા છતાં, બાળ ઠાકરેએ મનોહર જોશીને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કર્યા હતા.નાગપુરમાં અનુગામી શિયાળુ સત્રમાં, ભુજબલે સેનાના 18 ધારાસભ્યો સાથે પાર્ટી છોડી દીધી અને કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું જે તે સમયે રાજ્યમાં શાસન કરી રહી હતી. પરંતુ, 12 બળવાખોર ધારાસભ્યો તે જ દિવસે સેનામાં પાછા ફર્યા હતા. ભુજબલ અને અન્ય બળવાખોર ધારાસભ્યોને તત્કાલીન વિધાનસભા અધ્યક્ષ દ્વારા અલગ જૂથ તરીકે માન્યતા આપવામાં આવી હતી અને તેઓને કોઈ કાર્યવાહીનો સામનો કરવો પડ્યો ન હતો.ભુજબળ, જોકે, મુંબઈથી 1995ની વિધાનસભાની ચૂંટણીમાં તત્કાલિન શિવસેનાના નેતા બાલા નંદગાંવકર સામે હારી ગયા હતા અને બાદમાં તેઓ નાશિક જિલ્લામાં સ્થાનાંતરિત થયા હતા.1999માં કોંગ્રેસ છોડીને શરદ પવારે પાર્ટીની રચના કરી ત્યારે પીઢ રાજકારણી NCPમાં જોડાયા હતા. ભુજબળ (74) હાલમાં શિવસેનાની આગેવાની હેઠળની MVA સરકારમાં મંત્રી અને શિંદેના કેબિનેટ સાથીદાર છે.

## બીજો બળવો: 2005- નારાયણ રાણે

2005માં, શિવસેનાએ અન્ય એક પડકારનો સામનો કરવો પડ્યો જ્યારે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન નારાયણ રાણે પક્ષ છોડીને કોંગ્રેસમાં જોડાયા. રાણે, જેઓ ત્યારબાદ કોંગ્રેસ છોડી ગયા, હાલમાં ભાજપના રાજ્યસભાના સભ્ય છે અને કેન્દ્રીય મંત્રી પણ છે.

## ત્રીજો બળવો: 2006- રાજ ઠાકરે

સેનાને પછીનો આંચકો 2006માં આવ્યો જ્યારે ઉદ્ધવ ઠાકરેના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેએ પાર્ટી છોડીને પોતાનું રાજકીય સંગઠન - મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) બનાવવાનું નક્કી કર્યું.2009ની 288 સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં MNSએ 13 બેઠકો જીતી હતી. મુંબઈમાં તેની સંખ્યા શિવસેના કરતાં એક વધુ હતી.

# દેશમાં કોરોનાના 12,249 કેસ, વધુ 13નાં મોત



નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ) ભારતમાં એક જ દિવસમાં કોરોનાવાયરસ ચેપના નવા 12,249 કેસ નોંધાવા સાથે દેશમાં કોવિડ-19 કેસની કુલ સંખ્યા વધીને 4,33,31,645 થઈ ગઈ છે, જ્યારે સક્રિય કેસમાં 2,374નો વધારો થતાં કુલ આંકડો 81,687 થઈ ગયો છે. એમ બુધવારે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયએ જણાવ્યું હતું.

બુધવારે સવારે 8 વાગ્યે આરોગ્ય મંત્રાલયના અપડેટ ડેટા મુજબ, દેશમાં કોરોનાના કારણે વધુ 13 લોકોનાં મોત થતાં કુલ મૃત્યુઆંક વધીને 5,24,903 પર પહોંચી ગયો છે. નવા 13 લોકોનાં મોતમાં કેરળના 8 અને દિલ્હી, જમ્મુ-કાશ્મીર, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના 1-1નો સમાવેશ થાય છે.મંત્રાલયે જણાવ્યું હતું કે, સક્રિય કેસોમાં કુલ ચેપના 0.19 ટકાનો સમાવેશ થાય છે, જ્યારે રાષ્ટ્રીય કોવિડ રિકવરી રેટ 98.60 ટકા નોંધાયો છે.આ રોગમાંથી સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા વધીને 4,27,25,055 થઈ ગઈ છે. જ્યારે આ કેસમાં મૃત્યુદર 1.21 ટકા નોંધવામાં આવ્યો છે.મંત્રાલયે જણાવ્યું હતું કે, રાષ્ટ્રવ્યાપી કોવિડ-19 રસીકરણ અભિયાન હેઠળ દેશમાં અત્યાર સુધીમાં આપવામાં આવેલ સંચિત ડોઝની સંખ્યા 196.45 કરોડને વટાવી ગઈ છે.

# ફ્લોરિડામાં અત્યાર સુધીનો સૌથી વિશાળ અજગર પકડાયો

**અજગરનું** વજન આશરે 98 કિલો અને લંબાઈ 18 ફીટ, પેટમાંથી 122 ઈંડા મળ્યાં



વોશિંગ્ટન, તા. 22: ફ્લોરિડાના પિકાયુન સ્ટ્રાન્ડ સ્ટેટ ફોરેસ્ટના કાદવવાળા વિસ્તારમાં ઊંડે એટલો મોટો બર્મીઝ અજગર રહેતો હતો કે તેને એવરગ્લેડ્સમાંથી બહાર લઈ જવામાં ત્રણ માણસો લાગ્યા હતા.

કનઝર્વેન્સી ઓફ સાઉથવેસ્ટ ફ્લોરિડાના શોધકોએ આ મહાકાય માદા અજગરને પકડયો હતો જેનું વજન 97.5 કિલો હતુ અને તેની લંબાઈ 17.7 ફીટ હતી. આ ફ્લોરિડા અથવા તેના મૂળ ક્ષેત્રથી બહાર પકડવામાં આવેલા અજગરો પૈકી સૌથી મોટો અજગર છે.

નેશનલ જ્યોગ્રાફિકના વરિષ્ઠ લેખક અને સંપાદક ડગલસ મેનએ કહ્યું હતું ‘આકાર અને વજનના કારણે આ અવિશ્વસનીય છે. તે મોટા ભાગના લોકો કરતા વજનદાર છે.’

શોધકોને અજગરની અંદર 122 ઈંડા મળ્યા હતા જે કોઈ પણ માદા અજગરમાં મળેલા અત્યાર સુધીના સૌથી વધુ ઈંડા છે. શોધકોની ટીમને જાણવા મળ્યુ હતુ કે અજગરે છેલ્લે એક આખા હરણને ખાધુ હતુ.

ફ્લોરિડાના અધિકારીઓનો અંદાજ છે કે ફ્લોરિડામાં 30,000થી 3 લાખ સુધી અજગર રહે છે.

# કોવિડ-19ના કેસો વધતા ડો. માંડવિયા શુક્રવારે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષા કરશે

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ) કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા શુક્રવારે દેશમાં કોવિડ-19ના વધતા જતા કેસોને લઈને નિષ્ણાતોની મુખ્ય ટીમ સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે. એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

ભારતમાં છેલ્લા બે અઠવાડિયાથી કોરોનાવાયરસ ચેપમાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે.આજની તારીખ સુધીમાં દેશના 10 રાજ્યો- મહારાષ્ટ્ર, કેરળ, કર્ણાટક, તમિળનાડુ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, તેલંગણા, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં 1,000થી વધુ સક્રિય કેસ નોંધાયા છે.નિષ્ણાતોની મુખ્ય ટીમમાં ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઆઈઆઈએમએસ)ના ડિરેક્ટર ડો. રણદીપ ગુલેરિયા, ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડિરેક્ટર જનરલ ડો. બલરામ ભાર્ગવ અને નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનસીડીસી)ના ડિરેક્ટર સુજીત સિંહનો સમાવેશ થશે.

કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણ, બાયોટેકનોલોજી વિભાગના સચિવ રાજેશ એસ ગોખલે, ફાર્માસ્યુટિકલ્સ વિભાગના સચિવ એસ અપર્ણા સહિત અન્ય લોકો પણ બેઠકમાં હાજરી આપશે.

ગયા અઠવાડિયે યોજાયેલી ઇન્ડિયન એસએઆરએસ કોવિ-2 જીનોમિક્સ કન્સોર્ટિયમ(આઈએનએસએસીઓજી)ની સમીક્ષા બેઠકમાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને સાત દિવસના સમયગાળામાં કોવિડ-19 કેસોમાં વધારો જોવા મળ્યો હોય તેવા જિલ્લાઓ અને વિસ્તારોમાંથી સંપૂર્ણ જીનોમ સિક્વન્સિંગ માટે મોટી સંખ્યામાં નમૂના સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું.

કોઈપણ નવા ઉભરતા વેરિઅન્ટ અથવા પેટા-વેરિઅન્ટની શક્યતાને ચકાસવા અને પ્રગતિશીલ ચેપ પાછળનાં કારણોને શોધવા માટે આદેશ આપવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ‘ ’છેલ્લી સમીક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, અત્યારે દેશમાં ચિંતાનો કોઈ પ્રકાર નથી. ભારતમાં હવે બીએ.2 ઉપરાંત બીએ.4 અને બીએ.5 જોવા મળી રહ્યા છે, જે અન્ય ઓમિક્રોન સબલાઇનેજની તુલનામાં થોડી વધારે ટ્રાન્સમિસિબિલિટી ધરાવે છે.’’આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું કે, કેરળમાં 11, મિઝોરમ 6 અને મહારાષ્ટ્રમાં 5 સહિત દેશના 43 જિલ્લાઓ સાપ્તાહિક કોવિડ પોઝિટિવિટી દર 10 ટકાથી વધુ નોંધે છે.રાજસ્થાનના આઠ, દિલ્હીના પાંચ અને તમિળનાડુના ચાર સહિત 42 જિલ્લાઓમાં સાપ્તાહિક પોઝિટિવિટી દર 5થી 10 ટકાની વચ્ચે છે.

# દ્રોપદી મુર્મુએ દિલ્હી જતા પહેલા શિવ મંદિરમાં ઝાડુ લગાવ્યુ

**2021માં** ઝારખંડના રાજ્યપાલ તરીકે નિવૃત્ત થયા બાદથી આ તેમનું રોજનું કામ છે



રાયરંગપુર (ઓડિશા), તા. 22 (પીટીઆઈ): એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીના પ્રવાસ પહેલા બુધવારે પરોઢના સમયે ઓડિશાના મયુરભંજ જિલ્લાના આ આદિવાસી-બહુલ શહેરમાં તેમના ઘરમાં સ્થિત શિવ મંદિરમાં ઝાડુ લગાવ્યુ હતુ.

ઝારખંડના રાજ્યપાલ તરીકે નિવૃત્ત થયા બાદ ઓગસ્ટ 2021માં તેઓ પોતાના ઘરે પરત ફર્યા હતા ત્યારબાદથી આ તેમનું રોજનું કામ છે અને બુધવાર પણ કોઈ અપવાદ ન હતો.

સેંકોડ સ્થાનિક લોકોએ જોયુ કે એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારના હાથમાં ઝાડુ છે, તેમણે આઈવરી રંગની હેન્ડલુમ સાડી પહેરી છે જેની બોર્ડર લાલ રંગની છે. તેમણે સવારે 3થી 4 વાગ્યા વચ્ચે મંદિરમાં ઝાડુ લગાવ્યુ હતુ.

સ્નાન કર્યા બાદ તેમણે રોજની જેમ મંદિરમાં પૂજા કરી હતી અને નંદીના કાનમાં કંઈક કહ્યું હતું.

કેન્દ્રએ તેમને ઝેડ પ્લસ સુરક્ષા આપી હતી એટલે સીઆરપીએફ કમાંડોએ મંદિરને ચારેય બાજુથી ઘેરી રાખ્યુ હતુ.

બુધવારની વહેલી સવારથી આ કમાંડો દ્વારા 64 વર્ષીય મુર્મુની સુરક્ષા સંભાળી લેવાઈ હતી, એમ એક વરીષ્ઠ અધિકારીએ પત્રકારોને કહ્યું હતું.

જ્યારે મુર્મુ મંદિરમાંથી બહાર આવ્યા તેમને આશ્ચર્ય થયુ હતુ કે વહેલી સવાર હોવા છતા મોટી સંખ્યામાં લોકો ત્યાં ભેગા થયા હતા. ઈશ્વરીય પ્રજાપતિ બ્રહ્મકુમારી સંગઠનના બે સભ્યોએ પણ તેમને શુભેચ્છા પાઠવી હતી.

મંદિરની ધાર્મિક વિધિઓ પતાવ્યા બાદ તેઓ પોતાન નિવાસ સ્થાન પર જતા રહ્યા હતા અને લોકો અને વિવિધ રાજકીય પક્ષોના નેતાઓની મુલાકાત કરી હતી જેમાં ઓડિશામાં સત્તાધીશ પક્ષ બીજેડીના નેતા પણ સામેલ હતા.

મુર્મુ ત્યારબાદ ભુવનેશ્વરથી વિમાન મારફતે દિલ્હી જવા નીકળશે જ્યાં તેમનું સ્વાગત કરવામાં આવશે.

# એનએસઈ કો-લોકેશન કેસમાં ઓપીજી સિક્યુરીટીસના એમડીની ધરપકડ

એમડી સંજય ગુપ્તા પર વિવિધ આઈડી અને કો-લોકેશન મારફતે માર્કેટમાં વિશેષાધિકાર સાથે પ્રવેશવાના આરોપ છે

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): સીબીઆઈએ દિલ્હી સ્થિત બ્રોકર અને ઓપીજી સિક્યુરીટીસના મેનેજિંગ ડિરેક્ટર સંજય ગુપ્તાની ધરપકડ કરી હતી, વિવિધ આઈડી અને સેકેન્ડ્રી સર્વર જેને કો-લોકેશન સુવિધા કહેવામાં આવે છે તેના મારફતે માર્કેટમાં વિશેષાધિકાર સાથે પ્રવેશના આરોપ સાથે સંસ્થાએ તેમની વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કર્યાના ચાર વર્ષ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

સીબીઆઈએ આરોપ લગાવ્યો હતો કે તેમને માહિતી મળી હતી કે ગુપ્તાએ અમુક લોકો સાથે મળીને અમુક પુરાવાઓ નષ્ટ કરવાના પ્રયાસ કર્યા હતા સાથે જ એનએસઈ કો-લોકેશન કોભાંડ કેસની તપાસ કરી રહેલા એસઈબીઆઈ (સેબી)ના અધિકારીઓને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા.

સંસ્થાએ ગુપ્તાને પોતાના મુખ્યાલયમાં બોલાવ્યા હતા જ્યાં આ મુદ્દાઓ પર તેમની પૂછપરછ કરાઈ હતી, એમ તેમણે કહ્યું હતું.

પૂછપરછ દરમિયાન ગુપ્તાએ ઉડાઉ જવાબ આપ્યા હતા અને તપાસને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કર્યા હતા જેના પગલે મંગળવારની રાત્રે તેની ધરપકડ કરાઈ હતી, એમ અધિકારીઓએ કહ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે ગુપ્તાએ તેના વતી સેબીના અધિકારીઓને લાંચ આપવા એક જૂથના અમુક સભ્યોનો સંપર્ક કર્યો હતો અને તપાસને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા.સીબીઆઈ તપાસ કરી રહી છે કે તે જૂથને આપવામાં આવેલી લાંચ સેબીના અધિકારીઓ સુધી પહોંચી છે કે નહીં.આરોપ છે કે ઓપીજી સિક્યુરીટીસ વર્ષ 2010 અને 2014 વચ્ચે મોટા ભાગના ટ્રેડિંગ દિવસોમાં એનએસઈના ખાસ ટીક-બાય-ટીક સર્વર પર પહેલા જ લોગઈન કરતી હતી સાથે જ તેનો એક્સેસ તે સર્વર પર પણ હતો જેમાં વધુ સારા હાર્ડવેર હતા.

# કેન્દ્રએ એનડીએના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર દ્રોપદી મુર્મુને Z+ સુરક્ષા આપી

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ) કેન્દ્રએ નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)ના રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર દ્રોપદી મુર્મુને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) કમાન્ડોનું ઝેડ પ્લસ સુરક્ષા કવચ આપ્યું છે.એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, સશસ્ત્ર ટુકડીએ બુધવારે વહેલી સવારે 64 વર્ષીય મુર્મુની સુરક્ષા સંભાળી લીધી હતી.પાર્ટીના સંસદીય બોર્ડની બેઠક મળી હતી જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય વરિષ્ઠ નેતાઓ સામેલ હતા. આ બેઠક બાદ ભાજપના પ્રમુખ જેપી નડ્ડાએ મંગળવારે રાત્રે એક પ્રેસ-કોન્ફરન્સમાં ઓડિશાના પક્ષના નેતા મુર્મુની રાષ્ટ્રપતિ પદની ઉમેદવારીની જાહેરાત કરી હતી. મુર્મુએ ઝારખંડના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ જાહેરાત બાદ તરત જ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સીઆરપીએફને મુર્મુની સુરક્ષાનો હવાલો લેવા માટે તેમની વીઆઈપી સુરક્ષા ટીમ તૈનાત કરવાનો આદેશ આપ્યો હતો.

# રાષ્ટ્રપતિની ચૂંટણી: મુર્મુ 24 જૂને ઉમેદવારી નોંધાવે તેવી શક્યતા



નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ) ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)ના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રોપદી મુર્મુ 24 જૂનના રોજ તેમનું નામાંકનપત્ર દાખલ કરે તેવી શક્યતા છે અને નામાંકન દાખલ કરતી વખતે મુર્મુની સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત તેના ટોચના નેતાઓ પણ આવે તેવી અપેક્ષા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, મોદી, કેટલાક કેન્દ્રીય મંત્રીઓ, મુખ્યમંત્રીઓ અને બીજુ જનતા દળ જેવા કેટલાક સમર્થક પક્ષોના મુખ્ય નેતાઓ સમર્થનના પ્રદર્શન રૂપે નામાંકન-ફાઈલિંગ દરમિયાન મુર્મુની સાથે જોડાશે.

સૂત્રોએ ઉમેર્યું હતું કે, વડા પ્રધાન પ્રથમ પ્રસ્તાવક હોવાની અપેક્ષા છે.

ભાજપનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને તેના નામાંકન માટે 50 પ્રસ્તાવકો અને 50 સેકન્ડર્સની આવશ્યકતા હોય છે. મુર્મુના સમર્થનમાં ઓછામાં ઓછા ચાર સેટ નામાંકન દાખલ કરવામાં આવી શકે છે.

ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ પણ મતદાન પ્રક્રિયામાં સામેલ પાર્ટીના નેતાઓ સાથે બેઠક યોજી હતી. તેઓ મુર્મુની ઝુંબેશને આગળ ધપાવવા માટે દેશભરમાં પ્રવાસ કરશે.

વિપક્ષ દ્વારા ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી યશવંત સિંહને તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારશે.

આંકડાઓ ઓડિશાના એક આદિવાસી નેતા મુર્મુની તરફેણ કરે છે. ખાસ કરીને બીજેડીના સમર્થન બાદ એ સુનિશ્ચિત કરે છે કે, તેણી પાસે પહેલેથી જ ભાજપ સાથે બહુમતી સમર્થન છે અને અપેક્ષા રાખે છે કે, કેટલાક અન્ય પ્રાદેશિક પક્ષો જેમ કે, વાયએસઆર કોંગ્રેસ અને એઆઈએડીએમકે પણ તેનું સમર્થન કરશે.

64 વર્ષીય મુર્મુ ઝારખંડના ભૂતપૂર્વ ગવર્નર, ઓડિશાના પ્રથમ વ્યક્તિ અને ટોચના બંધારણીય પદ પર કબજો મેળવનાર પ્રથમ આદિવાસી મહિલા હશે. જો તેણી ચૂંટાય છે તો. જોકે, તેમના ચૂંટાવાની પ્રબળ સંભાવના છે.